## ગાંધીનગરના ડો. હિમાંશુ પટેલ મહેસાણા જિલ્લા કોંગ્રેસના નિરીક્ષક તરીકે નિમાયા

# સાધુ-બાવાના વેશમાં ફરીને દાગીના પડાવતી ગેંગ ઝડપાઈ

### એલસીબીની ટીમે દહેગામના ત્રણ મદારીઓને રૂ. ૨.૮૩ લાખના મુદ્દામાલ સાથે પકડી પાડ્યા : લોકોને છેતરીને મેળવેલા ૧૦ તોલાથી વધુ વજનના સોનાના દાગીના રીકવર

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર-અમદાવાદ તથા સુરત જેવા વિસ્તારોમાં સાધુ-બાવાના વેશમાં ફરીને લોકોને ભોળવી સોનાનાં દાગીના કઢાવી લેતી તથા રોકડ પડાવી લેતી ગેંગ સક્રીય થઈ હતી. આ ગેંગને છેતરીને મેળવેલા દાગીનાનો ભાગ પાડતી વખતે જ ગાંધીનગર એલસીબીની ટીમે રિક્ષામાંથી દબોચી લીધી છે. ૧૦ તોલા જેટલા સોનાના દાગીના, ૩ મોબાઈલ અને રિક્ષા મળી કુલ રૂ. ૨,૮૩,૬૫૧ની કિંમતનો મુદ્દામાલ રીકવર કરી ગાંધીનગર એલસીબીએ ૧૦થી વધુ ગુનાનો ભેદ ઉકેલ્યો છે. આ ગેંગના ત્રણેય શખ્સોની ધરપકડ કરી દહેગામ પોલીસને સોંપવામાં આવ્યા છે.

એસ.પી. વિરેન્દ્રસિંહ યાદવની સુચનાથી મિલ્કત વિરૂદ્ધના ગુનાઓને શોધી કાઢવા ગાંધીનગર એલસીબી પી.આઈ. આશુતોષ પરમારની ટીમો સક્રીય થઈ છે ત્યારે પીએસઆઈ આર.એન. વાઘેલા તેમની ટીમ સાથે દહેગામ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન બાતમી મળી હતી કે નરોડા રોડ પર રિક્ષામાં બેસીને ત્રણ ગઠીયાઓ સોનાના દાગીનાના ભાગ પાડી રહ્યા છે. જેને આધારે ત્યાં જઈ ત્રણેયને પકડી દાગીના અને રોકડ વિશે પુછપરછ શરૂ કરી હતી. ચોંકાવનારી વિગતો બહાર આવી હતી કે તે ત્રણેય દહેગામ વિસ્તારના મદારીઓ નરેશ સમજુનાથ ભાટી, વનરાજ કંચનનાથ ચૌહાણ અને રાહુલ ઢાલનાથ ભાટી મળીને સાધુ-બાવાના વેશમાં લોકોને ધૂતતા હતા. મદારીના વેશમાં જાદુગરી ખેલ કરી હાથ ચાલાકી કરીને તે ત્રણેય એક વર્ષમાં અમદાવાદ, નરોડા પાટીયા, સોનીની ચાલી, સુરણ બાજવા, સચિન ગામ તેમજ નડીયાદ, નવસારી વ્યારા, રાજકોટ આજી ડેમ, પાવાગઢ, મહેસાણા પાલાવાસણા ચોકડી, પાલનપુર બસ સ્ટેન્ડ, ચોટીલા રીંગ રોડ, પ્રાંતિજ હાઈવે અને જુદી જુદી જગ્યાએ ખેલ કરી હાથ ચાલાકી કરી લોકો પાસેથી દાગીના-રોકડ ખંખેર્યા છે. તાજેતરમાં સાંતેજ વિસ્તારમાં આ પ્રકારે દાગીના રોકડ સેરવ્યા હતા. એલસીબીની ટીમે ત્રણેયની ધરપકડ કરીને છેતરીને લેવાયેલા ૧૦ તોલા સોનાના દાગીના, ૩ મોબાઈલ અને રિક્ષા મળી કુલ રૂ. ૨,૮૩,૬૫૧ની કિંમતનો મુદ્દામાલ રીકવર કર્યો છે. અન્ય કોઈ આવી ગેંગનો શિકાર બન્યુ હોય તો દહેગામ પોલીસને અથવા નજીકના પોલીસ મથકનો સંપર્ક કરવા નાગરીકોને પોલીસ દ્વારા જણાવવામાં આવ્યું છે. તે ઉપરાંત પોલીસે અપીલ કરી છે કે ખોટી અંધશ્રદ્ધામાં ન આવી આવા સાધુ-બાવા કે મદારીના વેશમાં હાથ ચાલાકી કરતા લોકોથી દૂર રહી તેમની વાતમાં ન આવીને તકેદારી રાખી પોતાની માલ મિલ્કતનું ધ્યાન રાખવું...!





# મીના બજારથી જુના સચિવાલયને જોડતા દરવાજાને તાળુ મરાયું

### સચિવાયલમાં થતી ચોરીને અનુસંધાને રજાઓમાં દરવાજાને તંત્ર તાળુ મારશે



ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જુના સિચવાયલમાં સંખ્યાબંધ મોનીટર ચોરીના બનાવો બનવા પામ્યા છે. જેને અનુસંધાને સચિવાલય તંત્ર દ્વારા રજાઓના દિવસે મીનાબજારથી સચિવાલયના પ્રવેશવા માટેના પગદંડી માટેના ગેટને તાળુ મારી દેવામાં આવ્યું છે.

ગાંધીનગર જુના સચિવાલયની પાસેની ખુલ્લી જગ્યામાં વર્ષોથી લારી-ગલ્લા ધારકો આવેલા છે. આ લારી-ગલ્લામાં જીવન જરુરી ચીજવસ્તુ સહિત કપડા, ચા-પાણી નાસ્તા સહિત અગત્યની વસ્તુઓ પણ ત્યાં આસાનીથી પ્રાપ્ત થાય છે. જેને લઈ સમગ્ર કર્મચારી આલમમાં મીના બજાર પસંદગીના સ્થળ તરીકે લોકપ્રિય છે. આ મીનાબજારની મુલાકાત માટે કર્મચારીઓ માટે વર્ષોથી પગદંડીનો માર્ગ આવેલો છે. આ માર્ગનો ઉપયોગ કર્મચારી તેમજ શહેરના નાગરીકો પણ કરે છે. ત્યારે સચિવાલયમાં સંખ્યાબંધ થયેલી મોનીટર ચોરીને પરિણામે તંત્ર દ્વારા ચોરી અટકાવવાના ભાગરુપે રજાઓના દિવસોમાં મીનાબજાર અને સચિવાલયને જોડતા માર્ગને તાળુ મારી દેવામાં આવ્યું છે. મીનાબજાર એ કાયમી થઈ ગયું હોવાથી રજાના દિવસોમાં પણ ભરચક રહે છે. રજા હોવા છતા સચિવાલયમાંથી લોકોની અવર-જવર મોટા પ્રમાણમાં રહે છે. ત્યારે સચિવાલયની લોખંડી વ્યવસ્થા હોવા છતા ચોરીના બનાવો બનતા રહે છે. જેને લઈ સલામતીને ધ્યાને રાખીને આ દરવાજાને તાળુ મારી બંધ કરી દેવાયો છે. ત્યારે રજાના દિવસે મીનાબજાર સચિવાલય તરફથી આવતા નાગરીકોને પરેશાનીનો સામનો કરવો પડશે તેમજ કિલોમીટરનો ફેરો મારીને મીનાબજારમાં પ્રવેશ લેવો પડશે. જયારે આ તાળાબંધીનો લઈ વેપારીઆલમમાં પણ ભારે નારાજગી પ્રવતી છે. ગાંધીનગરના ઈતિહાસમાં પ્રથમવારસચિવાલય થી મીનાબજાર તરફના માર્ગ ને તાળાબંધી કરવાની ફરજ તંત્રએ પડી છે.

## ખૂણે ખાંચરેથી...

- ગાંધીનગર શહેરમાં બીજે દિવસે પણ ગરમી સાથે ઉકળાટને લઈ લોકો ત્રાહિમામ્ પોકારી ઉઠ્યા છે.
- ગાંધીનગર અમદાવાદ વચ્ચેની બસસેવાનું સમયપત્રક સુધારવા તેમજ સરખેજ રૂટની બસોની નિયમિતતાને લઈ માંગ ઉઠવા પામી છે.
- ગાંધીનગર જિલ્લામાં સ્માર્ટ વિલેજની દરખાસ્તો તૈયાર કરવાની કવાયત હાથ ધરવામાં આવી છે. તાલુકાવાર વર્કશોપ પણ યોજવાનું આયોજન હાથ ધરાયું છે.
- ધો.૧૨ સામાન્ય પ્રવાહના પરિણામમાં ગત વર્ષની તુલનામાં ૩ ટકાના ઘટાડાને લઈ વાલીઓ વધુ ચિંતિત બન્યા છે.
- શાળાકીય પરીક્ષાઓ અને પરિણામો જાહેર થયા બાદ હવે યુનિ.ના પરિણામો આગામી સપ્તાહના અંતથી શરૂ થશે તેમ યુનિ.ના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

# ગાંધીનગર હોસ્પિટલમાં સીટીસ્કેન મશીન તો બંધ હતું હવે એકસ-રે મશીન પણ બંધ

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં છેલ્લા એક મહિનાથી વધુ ના સમયથી સીટીસ્કેન મશીન બંધ હાલતમાં છે જેને લઈ દર્દીઓને ભારે પરેશાનીનો સામનો કરવો પડી રહ્યો છે તેવામાં દર્દીઓ માટેનું એકસ-રે મશીન પણ બંધ થઈ જતા દર્દીઓને ભારે પરેશાની વેઠવાનો વારો આવ્યો છે. સીટીસ્કેન તેમજ એકસ-રે મશીન સત્વેર શરુ થાય તેવી દર્દીઓની લાગણી અને માંગણી છે.

પ્રાપ્ત માહિતી મુજબ ગતિશીલ ગુજરાતના પાટનગર ગાંધીનગર સિવિલ હોસ્પિટલની હાલત જ દિન પ્રિતદિન કથળતી જતી હોય તેવું ચિત્ર ઉપસી રહ્યું છે. ગાંધીનગર મેડીકલ કોલેજ સંચાલિત પાંચ માળની ઓપીડી અને આઠમાળની ઈન્ડોર દર્દી રાખવાની સુવિધા ધરાવતી હોસ્પિટલમાં પ્રાથમિક સુવિધાના નામે મીંડુ છે. સિવિલના સત્તાધિશો રાઉન્ડ તો મારે છે પણ તેમા દર્દથી કણસી રહેલા દર્દીઓની જરુરીયાત સંભળાતી નથી. પાટનગરની હોસ્પિટલમાં વીવીઆઈપીઓ આવતા હોવા છતા એક મહિનાથી વધુ ના સમયથી અતિ અગત્યનું સીટીસ્કેન મશીન બંધ હાલતમાં છે. જેને લઈ અકસ્માતમાં માથામાં ઈજા પહોંચી હોય તેવા દર્દીને સીટીસ્કેન માટે તાત્કાલીક અમદાવાદ રીફર કરવામાં આવે છે. ગાંધીનગર હોસ્પિટલમાં સીટીસ્કેન મશીન છે તે કાર્યરત થઈ જાય તો માત્રને માત્ર સીટીસ્કેન માટે ખસેડવામાં આવતા દર્દીઓને રાહત મળે. જયારે એક મુસીબતનો સામનો તો લાભાર્થીઓ કરી રહ્યા છે ત્યારે આંતરે દિવસે એકસ-રે મશીન પણ બંધ થઈ જતા દર્દીઓ ભારે પરેશાનીમાં મુકાય છે. અત્યારે હાલ આધુનિક સિવિલ હોસ્પિટલ બનતા દર્દીઓને ભારે ધસારો રહેવા પામે છે.

# આજે મંગળ ગ્રહ પૃથ્વીની સૌથી નજીક દેખાશે

ગાંધીનગર, તા. ૨૯

અવકાશમાં સમયાંતરે અવનવી ખગોળીય ઘટના સર્જાય છે. દર અઢી વર્ષે ખગોળીય ઘટના બને છે તે આજે પૃથ્વીથી સૌથી નજીક મંગળ ગ્રહ જોવા મળશે. સૂર્યાસ્તની સાથે અવકાશમાં રતાશ મંગળ ગ્રહ અદ્ભૂત જોવા મળશે. તે ૧૫ જૂન સુધી આજ પ્રકારે જોઈ શકાશે.

ભારત જન વિજ્ઞાન જાથા સંસ્થાના પ્રમુખ જયંત પંડ્યાએ જણાવ્યું હતું કે મંગળ ગ્રહ પૃથ્વીથી ૯૦,૦૦૦ કરોડ કિમી દૂર રહેલો છે અને સૌથી સુંદર દેખાતો સૌથી મોટો રતાશગ્રહ છે. જે મંગળને નજીકથી નિહાળવાનો આ અવસર છે. આજે મંગળ ગ્રહ પૃથ્વીથી ૭,૧૨,૫૨,૮૦,૦૦૦ કિમીના અંતરે જોઈ શકાશે. રાજ્યમાં પૃથ્વીથી નજીક મંગળ ગ્રહની વિશેષતા સમજાવવા રાજ્ય વ્યાપી કેન્દ્રો ઉપર જાથા માહિતી આપનાર છે. નરી આંખે પણ મંગળ ગ્રહ જોઈ શકાય છે ટેલીસ્કોપમાં તેના ઉપર સ્ટ્રેચ મુદ્રાઓ ડાઘા વિગેરે જોવા મળે છે. આજે તા. ૩૦મીને રોજથી સવાર સુધી મંગળગ્રહ નજીક હોય મોટો રતાશ પડતો દેખાશે. તે નજારો નિહાળવા વિજ્ઞાન જાથાએ લોકોને અપીલ કરી છે.

